# તારીખી નવાદેરાત

## ખાતિમુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.)

**મક્કતુલ મુકર્રમામાં**

૧) આપની વિલાદત બાસઆદત ૨ રબીઉલ અવ્વલ ૧ આમુલ ફીલ, સોમવાર ના દિન થઈ. આ સાલમાં અબરહા સફેદ હાથીઓનું મોટું લશ્કર લઈને કાઅબતુલ્લાહને તોડવા મક્કામાં આવો. મગર એ નાકામ થયો અને એ એના લશ્કર સાથે અઝાબે ઈલાહીથી હલાક થયો.

૨) આપની પૈદાઈશ પહેલા હમલની હાલતમાં યા વિલાદતથી ૨ મહીના બાદ આપના બાવાજી સાહબ મૌ. અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ (અ.સ.) વફાત થયા.

૩) આપ ૨ વરસ ૮ મહીનાના હતા તે વક્ત આપના માઁ સાહેબા મૌ. આમેના બિન્તે વહબ વફાત થયા.

૪) બનુ અસદના એક બૈરો બીબી હલીમાએ આપને દુધ પીલાવું.

૫) બચપણમાં ત્રણ ફરિશ્તાઓ એ આપના સીના મુબારકને ચીરી દિલમાંથી કાલો ટુકડો કાઢી ફેંકો હતો અને આપના દિલ પર નૂરાનીદાર અંગૂઠીની મોહર લગાવી હતી.

૬) આપની ઉમર ૮ વરસની હતી તે વક્ત આપના દાદાજી સાહેબ મૌ. અબ્દુલ મુત્તલિબ ગુઝરી ગયા.

૭) આપના દાદાજી સાહેબના ગુઝરી જાવા બાદ આપના કાકાજી મૌ. અબુ તાલિબે આપની પરવરિશ કીધી.

૮) આપ ૨૫ વરસના હતા તે વક્ત આપની શાદી મૌ. ખદીજતુલ કુબરા (ર.અ.) સાથે થઈ. મૌ. ખદીજતુલ કુબરા (ર.અ.) ની ઉમર તે વક્ત ૪૦ વરસની હતી.

૯) આપની ઉમર ૪૦ વરસની હતી તે વક્ત અલ્લાહતઆલાએ આપને નુબુવત અને રિસાલતના શરફથી મોઝૈયન કીધા.

૧૦) અલ્લાહતઆલાએ આપ (સ.અ.વ.વ.) પર જીબ્રઈલ (અ.સ.) ના ઝરીએ ગારે હિરા માં ૨૭ રજબના દિન સોમવારે કુરઆને કરીમની પહેલી આયતને નાઝિલ ફરમાવી.

૧૧) આપે ૧૮ બૈરો સાથે નિકાહ કીધા હતા અને જે વક્ત આપ ઈન્તેકાલ ફરમાવી ગયા તો ૧૮ માંથી ૯ બૈરો ઝિન્દા હતા. આપને કુલ ૭ ઔલાદ હતી, જેમાં ૩ ફરઝંદો અને ૪ દુખ્તરો હતા. આમાંથી બે દિકરા હ.કાસિમ અને હ.અબ્દુલ્લાહ અને ચાર દુખ્તરો હ.ઝૈનબ, હ.રૂકૈયા, હ.ઉમ્મે કુલ્સૂમ અને હ.ફાતેમતુઝ્ઝહરા ના માઁ સાહેબા મૌ. ખદીજતુલ કુબરા હતા. અને હ. ઈબ્રાહીમ ના માઁ સાહેબા આપના લોંડી મારીયા કિબ્તીયા હતા.

૧૨) જહાઁ તક મૌ.ખદીજતુલ કુબરા ઝિન્દા રહ્યા વહાઁ તક આપ રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ કોઈ બીજા બૈરો સાથે નિકાહ કીધા ન હતા.

૧૩) બૈરોમાં પહેલામાં પહેલા દાઅવતે ઈસ્લામને કુબૂલ કરનાર મૌ.ખદીજતુલ કુબરા હતા અને મરદોમાં મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) હતા.

૧૪) આપ નબી બના પછી ચોથા સાલે આપે કુરૈશીયો અને મક્કાના આમ લોગો દરમિયાન દીને ઈસ્લામની અલલ એલાન ખુલ્લમ ખુલ્લા તબ્લીગ કરવાની શુરૂઆત કીધી.

૧૫) આપ નબી બના પછી આઠમા સાલે કુરૈશના કુફ્ફારોએ બનુ હાશિમનો સામાજીક બહિષ્કાર કીધો. તો આપ, બનુ હાશિમના તમામ લોગો અને આપના હિમાયતીઓ મૌ. અબુ તાલિબની વાડીમાં ત્રણ વરસ તક રહ્યા અને મૌ. અબુ તાલિબે જ આપ તમામની કુફ્ફારના દાવ-પેચથી બચવા હિમાયત, હિફાઝત અને કફાલત કીધી.

૧૬) આપ નબી બના પછી દસમા સાલે આપના હમદર્દ બૈરો મૌ. ખદીજતુલ કુબરા અને આપના વફાદાર કાકાજી મૌ. અબુ તાલિબ વફાત થયા. આપ સાહેબના આ બેવે હિમાયતી ગુઝરી જાવાથી, આપ પર મુસીબત અને દુશ્મનોની સખ્તી વધી જાવાથી આપ તાઈફ શહેર પધારા અને ત્યાં એક મહીનો રહ્યા.

૧૭) નુબુવતના અગીયારમાં સાલે આપે હજ્જની મૌસમમાં ખઝરજ કબીલાના અફરાદ પર દાઅવતે ઈસ્લામ પૈશ કીધી, જેને તમામે લબ્બૈક કહી કલમએ શહાદતની બરકત હાસિલ કીધી.

૧૮) નુબુવતના બારમાં સાલે આપને રૂહાની મેઅરાજ નસીબ થઈ અને આપને આસ્માન પર અલ્લાહની દાઅવતનો શરફ હાસિલ થયો.

૧૯) નુબુવતના ચૌદમાં સાલના ઈબ્તેદામાં ઈલાહી ફરમાન મુતાબિક આપે મક્કાથી મદીના હિજરત ફરમાવી અને આપના વસી મૌ. અલી (અ.સ.) ને આપના બિસ્તર પર સુવાનો હુકુમ કીધો.

**મદીનતુલ મુનવ્વરા**

૧) આપ ૧૨ રબીઉલ અવ્વલ સોમવારે મદીનામાં દાખિલ થયા. બની નજ્જારની વાડીમાં આપ ચંદ દિવસ રહ્યા અને પછી મૌ. અલી અહલો અયાલને લઈને ત્રણ દિન બાદ આપને આવી મીલા. અબુ અય્યૂબ અન્સારીના ઘરમાં આપ રૂકા, મસ્જિદ વાસ્તે ઝમીન ખરીદી અને તે જ સાલમાં મસ્જિદ તાઅમીર કીધી અને મુહાજિરો-અન્સારના દરમિયાન ભાઈચારો કાઈમ કીધો. એક બીજાને ભાઈ બનાવા અને આપે મૌલાના અલીને ફરમાવું કે, **"અય અલી, તમેં મારા ભાઇ છો, મારા વસી છો અને મારા વાઅદાઓને પૂરા કરનારા છો."**

૨) આ જ હિજરતના પહેલા સાલે આપે હ.બિલાલ હબશીને અઝાન કહેવાનો તરીકો શીખાવો. લોગોને નમાઝના અરકાન બતાવા. આપના કાકાજી હ.હમઝાને ઈસ્લામી નિશાન (અલમ) સોંપું અને રમઝાન મહીનામાં કુરૈશીયો પર ઈસ્લામની દાઅવતને પૈશ કીધી.

૩) હિજરતના બીજા સાલે શાઅબાન મહીનાની ૧૫ મી તારીખે ઝોહરના વક્ત આપે તમામ નમાઝીઓને કાઅબતુલ્લાહ તરફ રૂખ કરીને નમાઝ પઢવાનું ફરમાન કીધું. તે પહેલા લોગો બૈતુલ મુકદસ તરફ રૂખ કરીને નમાઝ પઢતા હતા. આ વાકેઆને **"તહવીલુલ કિબ્લા"** કહેવાય છે.

૪) આ જ સાલમાં રમઝાનુલ મોઅઝ્ઝમના રોઝા ફરઝ કરવામાં આવા, ઈદના દિન મિમ્બર નસબ કરવામાં આવું, આપે મિમ્બર પર ચઢીને ખુત્બો પઢો, આપના દિકરી રૂકય્યા વફાત થયા અને મૌ.અલી અમીરૂલ મુમેનીન ની મૌ.ફાતેમતુઝ્ઝહરા સાથે શાદી થઈ. અલ્લાહતઆલાએ ઈસ્લામ અને ઈમાનને જોડી દીધા, જમાઅ કરી દીધા. જંગે બદર વાકેઅ થઈ જેમાં ઈમાનદારોની ફતેહ થઈ.

૫) હિજરતના તીસરા સાલે માઁ ફાતેમતુઝ્ઝહરાના બતને અત્હરથી મૌ. ઈમામ હસન ૧૫ મી રમઝાનના દિન તવલ્લુદ થયા. શાઅબાન મહીનામાં જંગે ઓહોદ વાકેઅ થઈ જેમાં મૌ. હમઝા શહીદ થયા અને આજ લડાઈમાં મૌલાના અલીની જાઁફિશાની જોઈન રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"અલીયુમ મિન્ની વ અના મિન્હો,"** હું અને અલી એક જ છીએ. અને આસ્માનથી નિદા આવી કે, **"લા ફતા ઇલ્લા અલી લા સૈફ ઇલ્લા ઝુલફિકાર,"** જવાન છે તો ફક્ત અલી અને તલવાર છે તો ફક્ત ઝુલફિકાર.

૬) હિજરતના ચોથા સાલની ૫ મી શાઅબાને મૌ. ઈમામ હુસૈન પૈદા થયા. આ જ સાલમાં બનિન નઝીરની લડાઈ થઈ.

૭) હિજરતના પાઁચમાં સાલે જંગે ખંદક વાકેઅ થઈ. તયમ્મુમની અને બૈરોને પડદો કરવાની આયત નાઝિલ થઈ.

૮) હિજરતના છઠ્ઠા સાલે હુદૈબીયાહની લડાઈ થઈ, જે વક્ત આપ ઉમરો કરવા મક્કા તરફ પધારા મગર મુશ્રિકોએ આપને જાવા ન દીધા અને આપ મદીના તરફ વાપસ ગયા. આ જ સફરમાં સુલ્હે હુદૈબીયાહ થઈ અને ફત્હે મક્કાનો રસ્તો હમ્વાર થયો.

૯) આ જ સાલમાં આપે મુખ્તલિફ સુલતાનો અને બાદશાહો તરફ દાઅવતે દીને ઈસ્લામનો પૈગામ લઈને કાસિદોને મોકલા. આ પૈગામોમાં આપે આપના નામ મુબારક **"મોહંમદુર્રસૂલુલ્લાહ"** ની મોહરનો ઈસ્તેઅમાલ કીધો.

૧૦) હિજરતના સાતમા સાલે યહૂદીઓ સાથે જંગે ખૈબર વાકેઅ થઈ. એક તરફ અલીએ આઅલાએ ખૈબરનો દરવાઝો ઉખેડી દુશ્મનો પર ફત્હ હાસિલ કીધી અને બીજી તરફ મૌ. જાઅફરૂત્તૈયાર હબશાના મુલ્કને ફત્હ કરીને રસૂલે કરીમને આવી મીલા. આ મૌકા પર આપને બે કામિયાબીની ખુશી મયસ્સર થઈ હતી.

૧૧) આ જ સાલમાં મકૂકસ બાદશાહે આપને મૌ. મારીયા કિબ્તીયાહ લોંડી અને દુલદુલ ઘોડાને હદીયામાં ઈનાયત કીધા. અલ્લાહતઆલાએ મૌ. મારીયાના બત્ને પાકથી આપને હ. ઈબ્રાહીમ ફરઝંદ બખ્શા, જેને આપે મૌ. ઈમામ હુસૈનના બદલામાં અલ્લાહની મરઝી મુતાબિક કુરબાન કીધા.

૧૨) હિજરતના આઠમા સાલે ફત્હે મક્કા થઈ અને મક્કા પર અલ્લાહની વહદાનીયતનો પરચમ બલંદ થયો અને દીને ઈસ્લામનો કબ્ઝો થયો. આપના દિકરી ઝૈનબ વફાત થયા. આપના દિકરા હ. ઈબ્રાહીમ પૈદા થયા. હુનૈન અને તાઈફની લડાઈ આ સાલમાં વાકેઅ થઈ. મુતાની લડાઈ થઈ જેમાં મૌ.જાઅફરૂત્તૈયાર શહીદ થયા.

૧૩) આ જ સાલમાં આપે અને મૌલા અલીને મીલીને કાઅબતુલ્લાહમાંથી મુશ્રિકોના ખુદાઓના બુતોને હટાવા અને અહલે મક્કા વાસ્તે આમ મઆફી બખ્શી.

૧૪) હિજરતના નવમા સાલે આપની દાઅવતે ઈસ્લામને કુબૂલ કરીને ચારે તરફથી લોગોના વુફૂદ (ડેલીગેશન) આવવા લાગા. તબુકની જંગ થઈ જેમાં મુસ્લેમીનને ઘણો ખતરો હતો મગર હ.અલી તે વક્ત મદીનામાં હતા અને આપ નબીએ અકરમ (સ.અ.વ.વ.) ના **"નાદે અલી"** પુકારવાથી હ.અલી ફૌરન મોઅજીઝતન હાઝિર થયા અને નસ્રાનીઓ પર અહલે ઈસ્લામની ફત્હ થઈ.

૧૫) આ જ સાલમાં સુરતુલ બરાત નાઝિલ થઈ અને અલ્લાહના હુકુમથી આપે તેની તબ્લીગ વાસ્તે મૌલા અલીને મક્કા તરફ મોકલા. હબશાના બાદશાહ નજ્જાશીની મૌતની ખબર આવી અને આપે તેને વાસ્તે દુઆએ મગફેરત ફરમાવી. આપના દુખ્તર ઉમ્મે કુલસૂમ અને દિકરા ઈબ્રાહીમ વફાત થયા.

૧૬) હિજરતના દસમા સાલે આપે આખરી હજ્જ પઢી અને હિજ્જતુલ વિદાઅ બાદ સુરતુન્નસ્ર નાઝિલ થઈ. તે વક્ત આપે આપની મૌતની ખબરનો ઈઝહાર કીધો. ગદીરે ખુમની જગામાં આપે એક ઉંચું મિમ્બર નસબ કીધું અને હઝારો મુસ્લેમીનના મજમાઅમાં આપે એક લંબો ખુત્બો પઢો અને ફરમાને ઈલાહી મુજબ આપે મૌલા અલી પર નસ્સે જલી ફરમાવી આપના વસી અને કાઈમ મકામ મુકર્રર કીધા. ૧૮ મી ઝિલહજ્જના દિન ગદીરે ખુમમાં આ તારીખી વાકેઓ આશકાર થયો.

૧૭) હજ્જથી ફારિગ થયા પછી આપ ૧૮ દિન તક સખ્ત બીમાર રહ્યા. દિન-બ-દિન આપની તબીઅત બીગડતી ગઈ અને આ જ હાલતમાં આપે આખરી અય્યામમાં મસ્જિદમાં મૌ. અલીના સહારે આવી નમાઝ પઢાવી અને ફરમાવું કે, **"હું તમારે દરમિયાન બે ભારી ચીઝોને મુકી જાઉં છું, એક અલ્લાહની કિતાબ છે અને બીજી મારી ઇત્રત મારા અહલેબૈત (અ.સ.) છે. તમે આ બેવેને પકડી રાખજો, તેનાથી વીલગી રહેજો . આ બેવે કોઇ વક્ત એક બીજાથી જુદા નહી થાય મગર રોઝે કિયામત મને હૌઝે કૌસર પર આવી મીલશે."**

૧૮) આપ (સ.અ.વ.વ.)૨ જી રબીઉલ અવ્વલ ૧૧ હી. સોમવારના દિન દારે ફાનીથી દારે બકા તરફ ઈન્તેકાલ ફરમાવી ગયા. મૌલા અલીએ આપને ગુસુલ આપો અને તેમાં હ.જીબ્રઈલ અને ફઝલ બિન અબ્બાસે મદદ કીધી. હ.જીબ્રઈલે ખુશ્બુ લાવીને આપી, કફન પહેરાવું અને જનાઝામાં સુવાડા. તે પછી આપના જનાઝા પર પહેલે અહલેબૈત (અ.સ.) ને નમાઝ અદા કીધી તે બાદ મુસ્લેમીન ૧૦-૧૦ ના ગિરોહમાં આવીને સલવાત પઢતા ગયા. આપને આપના હુજરા મુબારેકા માં જ દફન કરવામાં આવા. ★

➜ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની આલે અત્હરનાં અઈમ્મતે ફાતેમીયીન મહદીયીન આપને જ મિસિલ સાહેબે મોઅજિઝાત અને ઈલાહી રાઝો અસરારને ખોલનાર હતા. મિસિરના મશહૂરો માઅરૂફ મોઅર્રિખ અશ શરીફ હિમ્યરી અલ-હુસૈની આપની માયએ નાઝ કિતાબ બનામ "કન્ઝુલ અખ્બાર ફિસ સેયરે વલ અખ્બાર", જે ૪૧૦ હિજરીમાં તેહરીર થઈ હતી, ફરમાવે છે કે ૧૬માં ફાતેમી ઈમામ મૌલાના હાકિમ બે અમરિલ્લાહ (અ.સ.) એ દરબારે ફાતેમીના બાઝ મખ્સૂસ ખિદમતગુઝારોને મદીનએ મુનવ્વરા મોકલા. આ સાહબોને ઈમામ આલી મકામે મદીના શહેરમાં આપના પરદાદા ૫માં ફાતેમી ઈમામ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.)નાં બયતુશ શરફના ઠેકાણા અને મુકર્રર મકાનનાં નકશા અને નિશાનીઓ સાથે મોકલા. તે સાહબો પૂરી ખબરગીરી સાથે મખ્સૂસ મોહલ્લામાં પધારા અને ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.)ની દેવડી મુબારકને ખોલી, ઈમામોની કિતાબો, સહીફાઓ, હથિયારો, અંબિયા (અ.સ.) ની વિરાસતો અને ઈમામોનાં નિશાનો નીકાલા અને નિહાયત હિફાઝત અને અમાનતથી મિસિરમાં ઈમામ હાકિમ (અ.સ.) ને સિપુર્દ કીધા.

૧૯માં યમની દાઈએ ફાઝિલ સૈયદના ઈદરીસ ઈમાદુદ્દીન (રી.અ.) ફરમાવે છે કે, આ રિવાયતની સચ્ચાઈ પર ઘણા તારીખનાં લોગોનો ઈત્તેફાક છે અને તેઓ એમ પણ ઈકરાર કરે છે કે, આ ઈમામો આલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બરહક્ક અને સાદિકીનમાંથી હોય તેઓ જ જાણી શકતા હતા કે પોતાના બાવાજીઓ અને જદદે બુઝુર્ગવારે આ બાબરકત ખઝાનો કઈ જગા પર છુપાવેલો હતો અને આપ જ એના સહીહ વારિસ અને સાચા હક્કદાર છે. આ મોઅજીઝો ઈમામ હાકિમ (અ.સ.) ને આલમે ઈસ્લામના ખલીફએ હકીકીનો પણ સુબૂત પૈશ કરે છે કે ૨૭૦ વરસના અરસા બાદ પણ આપે એજાઝથી પોતાની ઈમામી વિરાસત એની અસલી હાલતમાં હાસિલ કીધી.

➜ અઈમ્મતે ફાતેમીયીનના સિલસિલાનાં ચાર ઈમામોએ પોતાની સલ્તનતને મઝબૂત કરવા શહેરોની તાઅમીર કીધી હતી. ૧૧ માં ફાતેમી ઈમામ અબુ અબ્દિલ્લાહિલ મહેદી (અ.સ.) એ **મહેદીયહ**, ૧૨ માં ઈમામ અલ કાઈમ બે અમરિલ્લાહ (અ.સ.) એ **મોહંમદીયહ**, ૧૩ માં ઈમામ અલ મન્સૂર બિલ્લાહ (અ.સ.) એ **મન્સૂરીયહ** અને ૧૪ માં ફાતેમી ઈમામ અલ મોઈઝ લેદીનિલ્લાહ (અ.સ.) એ અલ **કાહેરતુલ મોઇઝ્ઝીયહ** નામી શહેરો બનાવા હતા. આજે મહેદીયહ અને મન્સૂરીયહ શહેરોના બાઝ આસારે કદીમા અને જૂની નિશાનીઓ મૌજૂદ છે અને અલ-કાહેરતુલ મોઈઝ્ઝીયહ (Cairo) શહેર એની ગૈર માઅમૂલી શાનો શૌકત અને તરઝે તાઅમીર સાથે આબાદ અને બરકરાર છે.

➜ ફાતેમી અઈમ્મતનાં ખઝાનાની નાયાબ ચીઝોમાં રસૂલે ખુદા (સ.અ.વ.વ.) ની તલવાર મુબારક, હઝરત અલી (અ.સ.) ની તૈગે ઝુલફિકાર, ઈમામ હુસૈન (અ.સ.) નું ઝિરહ બકતર અને હઝરત હમઝા (અ.સ.) ની ઢાલ શામિલ હતી. આ સિવાય સહીફએ મૌલાતના ફાતેમતુઝ્ઝહરા (અ.સ.), તબર્રુકાતે અંબિયા અને દીગર સહીફાઓ શામિલ હતા. ★